ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેર પ્રથમ વરસાદે બન્યું ભૂવાઓનું નગર









વરસાદ આવ્યો સાથે મુશ્કેલીઓ લાવ્યો... વરસાદી માહોલ હંમેશા ગાંધીનગર માટે આનંદ-ઉલ્લાસ લઈ આવે છે. શહેરમાં ઠેર ઠેર પથરયેલી હરિયાળા વૃક્ષોની ચાદર વધુ હરિયાળી બની ઉઠે છે. વરસાદની મજા વસાહતીઓ માણે છે. જો કે આ વખતનો વરસાદ શહેરીજનો માટે મુશ્કેલીઓ સર્જી રહ્યો છે. એમ પણ કોરોનાની મહામારીના કારણે લોકો ઘરની બહાર નીકળતા ડરે છે. વરસાદમાં ભીંજાવાની વાત તો દૂર રહી. તંત્રના કારણે વસાહતીઓને ખૂબ તકલીફ પડી રહી છે. મોટા ઉપાડે વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈનો આખા શહેરમાં નાંખી દેવાઈ પરંતુ આ કામગીરી કેવી થઈ છે તે જોવાની તંત્રને ફુરસદ ન હોવાથી પહેલાં વરસાદમાં જ આખું નગર જાણે ભૂવા નગરમાં ફેરવાઈ ગયું છે.

ગાંધીનગર શહેરના આંતરિક વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે થોડાક મહિનાઓ અગાઉ જ સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાંખવામાં આવી છે. પરંતુ આ કામગીરી કરનાર કોન્ટ્રાકટરે માટીનું પુરાણ યોગ્ય રીતે કર્યું ન હોવાથી વરસાદ પડતા જ નબળી કામગીરીના દશ્યો સામે આવ્યા છે. નબળી કામગીરીના કારણે પહેલા વરસાદમાં જ માટી બેસી જવાના અને ભૂવા પડવાના બનાવો બન્યા છે. ઘરની આગળ પડેલી ગાડીઓના ટાયર આ ભૂવાઓમાં ફસાઈ ગયા હતા. વસાહતીઓમાં ફરિયાદના સૂર ઉઠે તે પહેલા જ મનપાએ ભૂવા પૂરવાની કામગીરી શરુ કરી દીધી છે. જેસીબી મશીન વડે ભૂવા પુરવાની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.



# જીવનજરૂરી અને આવશ્યક સેવાઓ ચાલુ રાખી ફરી લૉકડાઉન જરૂરી

## કોરોના પોઝિટિવ કેસોની વધતી સંખ્યા નિયંત્રિત કરવા મોટાભાગના નાગરિકોનો ફરી લોકડાઉન લાગુ કરવા તરફી મત : જો કે ગાઈડલાઈનનો કડક અમલ કરાવવા સાથે ફરી લોકડાઉન જરૂરી નથી તેવું એક વર્ગનું મંતવ્ય

**ગાંધીનગર, તા.૧૧**

**અનલોક-૧ પછી જનજીવન ફરી ધબકતું તો થયું છે પરંતુ તે સાથે કોરોના કોવિડ-૧૯ વાઈરસનું સંક્રમણ પણ વધ્યું છે. રોજેરોજ કોરોના પોઝિટિવ કેસોનો વધતો આંકડો અનેક નાગરિકોને ચિંતિત કરી રહ્યો છે. જ્યારે બીજી તરફ એવો પણ વર્ગ છે જે બેફિકરાઈથી ફરવા સાથે ગાઈડલાઈનનું પાલન સુધ્ધાં નથી કરી રહ્યો. આ સ્થિતિમાં કોરોના સંક્રમણ પર કાબુ મેળવવા ફરી લોકડાઉન લાગું કરવું જોઈએ કે નહી અને જો લાગું કરાય તો નવા લોકડાઉનનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે જાણવા શહેરના વિવિધ ક્ષેત્રના નાગરિકો પાસેથી 'ગાંધીનગર સમાચારે' તેમના વિચાર જાણવા પ્રયાસ કર્યો હતો જે સંકલિત સ્વરૂપે અત્રે પ્રસ્તુત છે.**

●●●

અર્થતંત્રને ફરી ધબકતું કરવા સરકારે લીધેલાં પગલાં યોગ્ય છે, છુટછાટ આપી છે પરંતુ દરેક માટે યોગ્ય માર્ગદર્શિકા બહાર પાડીને



આ બિમારી સાથે કેવી રીતે જીવી શકાય તેનું માર્ગદર્શન પણ પુરું પાડયું છે. સામાજિક અંતરનું પાલન, સેનિટાઈઝર અને માસ્કના ઉપયોગ સાથે બિમારી સાથે જીવવાનું નાગરિકોએ શીખી લેવું પડશે. રસી આવતાં હજુ વાર લાગશે પરંતુ ત્યાં સુધી કોરોનાથી ગભરાઈને નહીં પરંતુ સાવચેતી રાખીને આ બિમારીને ચોકકસ હરાવી શકીશું. હવે સરકાર કરતા વધુ જવાબદારી નાગરિકોની છે અને સરકારે આપેલી માર્ગદર્શિકાનું યોગ્ય પાલન થાય તો આ રોગને પણ ચોકકસ નાથી શકીશુ.

**- ડો. નિલેષ ઠાકોર, એમ.ડી. (કોમ્યુનિટી મેડિસીન) સ્પે. ડયુટી ઓન કોવિડ-૧૯ આરોગ્ય કમિશ્નર કચેરી**

●●●

સરકારે આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને જે નિર્ણય લીધો છે



તે યોગ્ય છે પરંતુ જે રીતે કેસ વધતા જાય છે તેને જોતા લોકડાઉન ફરી લાગું કરવું જરુરી જણાય છે. જો કે આ દરમિયાન જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે સવારે અને સાંજે ૨ કલાક માટે છુટ મળવી જોઈએ અને મેડિકલ સ્ટોર્સ તો ખુલ્લા રહેવા જોઈએ. જે જિલ્લામાં એક-બે કેસ હોય તેમાં છુટ આપવી જોઈએ પરંતુ એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં અવરજવર પર પ્રતિબંધ રાખવો જોઈએ. વળી, ધંધા-રોજગાર પણ ઓડ-ઈવન પધ્ધતિથી મર્યાદિત સ્ટાફ સાથે ચાલુ રાખવાની છુટ આપી શકાય.

**- જયશ્રી પંડયા, લાયબ્રેરિયન, સરકારી વિજ્ઞાન કોલેજ**

●●●

લોકડાઉન એ કોરોના મહામારીનો ઉપાય નથી. લોકડાઉનથી ગરીબ પરિવારોની રોજી રોટી છીનવાઈ જશે અને તેઓ ભૂખે મરી



જશે જયારે મધ્યમવર્ગ પણ કંગાળ થઈ જશે. આમ છતાં જો લોકડાઉન લાગુ કરવું હોય તો તે સાથે જે વિસ્તારમાં કોરોનાનો દર્દી મળે તે વિસ્તારના તમામ વ્યકિતઓના ટેસ્ટ કરવા જોઈએ, નહીંતર લોકડાઉનનો કોઈ મતલબ નથી. આ સાથે સરકારે હોસ્પિટલોમાં જગ્યા ના હોય તો અત્યારે જે સ્કૂલ-કોલેજ બંધ પડયા છે તેમાં દર્દીઓને રાખીને ખાનગી તબીબોને પણ અહીં ફરજિયાત જવાબદારી સોંપવી જોઈએ

**- હિતેષ ઝાલા, વેપારી, સે-૧૬**

●●●



કોરોના વાયરસ સંક્રમણની પરિસ્થિતિ જોતા ફરી લોકડાઉન લાગુ કરવું જરુરી છે. જો કે હવે લોકડાઉન હળવું હોવું જોઈએ અને અમુક સમય પુરતું જ હોવું જોઈએ. આ સાથે આરોગ્ય વિભાગની જે ગાઈડલાઈન છે જેમ કે ફરજિયાત માસ્ક પહેરવું, દો ગજકી દૂરી રાખવી વગેરેનું યોગ્ય પાલન થતું નથી તેનું કડક પાલન થાય તે જરુરી છે. મનપાએ આ માટે સખ્તાઈથી અમલ કરાવવા આગળ આવવું જોઈએ.

**- એમ.આઈ. પટેલ, વરિષ્ઠ નાગરિક, સે-૫**

●●●



લોકડાઉન ખૂબ જરુરી છે પરંતુ તે આંશિક લોકડાઉન હોવું જોઈએ. કેમ કે અર્થતંત્ર ચાલુ રહેવું જરુરી છે. અનેક નાગરિકો રોજીંદા વેપાર-ધંધા પર પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે એટલે એમના માટે થોડી ઘણી છુટ જરુરી છે. આ સમયમાં સામાન્ય નાગરિકની ભૂમિકા ખૂબ મહત્વની છે જેમણે સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરી પોતાની રોગપ્રતિકારક શકિત વધારતા રહેવું જોઈએ.

**- સુયોગ જોષી, ખાનગી કંપનીના કર્મચારી, સરગાસણ**

●●●



મારા મતે લોકડાઉન લંબાવવાની જરૂર છે પણ સાથે સાથે સલામતી અને સાવચેતી પણ એટલી જ જરુરી છે. આ ત્યારે જ શકય બને જયારે સરકાર કોરોના પોઝિટીવ દર્દીઓના સાચા આંકડા જાહેર કરે અને તોજ નાગરિકોમાં કોરોનાથી ડરનો માહોલ ફેલાશે અને પછી બધા જાતે પોતાની તથા પોતાના પરિવારની ચિંતા કરશે કેમ કે પેલી કહેવત છે ને કે 'વાર્યા ના વળે તે હાર્યા વળે.'

**- ઋષિકા ચક્રવર્તી, સામાજિક કાર્યકર, સે-૧૨**

●●●

કોવિડ-૧૯માં અનલોક-૧ અંતર્ગત જનજીવન ફરી ધબકતું થયું છે પણ તેમાં સરકાર અને જનતાની ઈચ્છાશકિત કરતા આર્થિક પરિબળો વધુ જવાબદાર છે જે ચોકકસ માનવજાત માટે જોખમી અને ઉતાવળીયો નિર્ણય પુરવાર થવાનો ભય રહેલો છે જ. આ માટે લોકડાઉન ફરી લાગુ કરી માનવ સમાજની માત્ર જૈવિક જરૂરિયાતો



પુરતી જ છુટછાટ આપવાની જરૂરિયાત છે એટલે કે જે સીધી રીતે જીવન જરુરી ના હોય તેવા જેમ કે પાન-મસાલાની દુકાનો, જાહેર સમારંભો, વાહન વ્યવહાર વગેરે બંધ રાખવું જોઈએ અને તેમાં જેની રોજગારી છીનવાતી હોય તેમને સરકારે નિશ્ચિત વળતર પુરું પાડવું જોઈએ.

**- મેહુલ પ્રજાપતિ, જુનિયર ઈજનેર, યુજીવીસીએલ**

●●●

હવે ફરી લોકડાઉન કરવાની જરૂર જણાતી નથી, લોકડાઉન દરમિયાન ઘણા ધંધા રોજગાર પડી ભાંગ્યા છે તેમજ દૈનિક આવક પર જીવતા કુટુંબોની હાલત ઘણી જ ખરાબ છે. હાલની પરિસ્થિતિમાં તમામ નાગરિકોએ જ સમજ કેળવવાની જરુર છે અને સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી કે જાહેર કરવામાં આવેલી માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવું જોઈએ અને હવે કોરોના સાથે જીવવાનું શીખી લેવાય તે જરુરી છે.જો કે જયાં કેસો વધી રહ્યા છે ત્યાં માઈક્રો



એરિયા નોટિફાઈ કરીને સંબંધિત વિસ્તાર પુરતું લોકડાઉન કે કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાનો નિર્ણય લઈ શકાય.

**- પંકજ દેસાઈ, સુજોક થેરાપીસ્ટ, ગાંધીનગર**

●●●

સરકારે આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને અનલોક-૧ની



જાહેરાત કરી પરંતુ જો તેમાં મર્યાદિત છુટછાટ આપી હોત તો સંક્રમણની સંભાવના ઓછી રહી હોત. અત્યારે સંક્રમણ વધી રહ્યું છે તે જોતા ફરી લોકડાઉન જરુરી છે. જે નાગરિકો ઘરેથી કામ કરી રહ્યા હતા તે હવે ઓફિસે જઈને કરી રહ્યા છે. કેટલાક બિનજરૂરી રીતે બહાર ફરી રહ્યા છે. હવે પછીના લોકડાઉનમાં એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવાની પરવાનગી આપવી જોઈએ નહી તેમજ જે કામ વગર ઘરની બહાર નીકળે તેના પર કડક કાર્યવાહી થવી જોઈએ. જયાં 'વર્ક ફ્રોમ હોમ' શકય હોય ત્યાં તે ફરજિયાત કરી દેવું જોઈએ.

**- હાર્દિકસિંહ ચુડાસમા, ખાનગી કર્મચારી, ગાંધીનગર**

●●●

લોકડાઉન પુરું કરવાનું કારણ માત્ર અર્થતંત્રને વેગવંતુ કરવાનું હતું. અર્થતંત્ર પાછું ઉભું થઈ જશે પરંતુ જીવ પાછો નહીં આવે. જો હવે નવેસરથી લોકડાઉન કરવાનું થાય તો માત્ર મહત્વની જરુરી સેવાઓ સિવાય સંપૂર્ણ બંધ કરવું તે સાથે જે નાગરિકો આ સેવાઓ સાથે સંકળાયેલા છે એમના સ્વાસ્થ્યની તપાસ સમયાંતરે થવી જ



જોઈએ, વળી, જે નાગરિકો પોતાના વતન જવા માંગતા હોય તેમને અગાઉથી જાણ કરી તેમનો પહોંચાડવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ માટે નવા લોકડાઉનની જાહેરાત પાંચ દિવસ અગાઉથી કરી નાગરિકો માનસિક રીતે 'પોઝિટિવ' રહે તેવા પ્રયત્નો પણ સતત કરવા ઘટે.

**- મેહુલ તુવાર, પ્રણેતા-જીસીસી ગૃપ, ગાંધીનગર**

●●●

ફકત લોકડાઉન એક માત્ર ઉપાય નથી. કેમ કે અગાઉ કરેલ લોકડાઉન બાદ પણ પરસ્થિતિમાં ચોકકસ સુધાર થયેલ નથી. સામાન્ય પરિવારને નિયમિત આવકમાંથી ગુજરાન ચલાવવું એ આ પરિસ્થિતિમાં શકય નથી. શાળા કોલેજને બાદ કરતા પુરતી છુટછાટ મળવી જોઈએ. કારણ કે હવે તમામ નાગરિકોએ આ પરિસ્થિતિ સાથે જીવતા શીખવું પડશે. સામાન્ય નાગરિકો સરકારે લીધેલા આ



નિર્ણયને સહકાર આપી સાવધાની રાખશે તો સ્વસ્થ રહેશે. બસ જરૂર છે સાચી સમજ અને સાવચેતીની.

**- અશ્વિન પ્રજાપતિ, આચાર્ય-શાહપુર પ્રાથમિક શાળા**

●●●



કોરોના મહામારીમાં જે રીતે પોઝિટિવ કેસોની સંખ્યા વધી રહી છે તે જોતા ફરી કડક લોકડાઉન લાગુ કરવું આ તબક્કે જરુરી જણાય છે. જો કે હવે જો લોકડાઉન લાગુ કરવામાં આવે તો સરકારે જે અગાઉ છુટછાટો આપી છે તે સદંતર બંધ કરી દેવી જોઈએ અને માત્ર જીવનજરુરી ચીજવસ્તુઓ તે પણ બપોરના ૧ વાગ્યા સુધી મળી શકે તે રીતે લોકડાઉન લાગુ કરવું જોઈએ તે સાથે માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ, સેનિટાઈઝર વગેરેનું પાલન ખુબ કડક હાથે કરાવવું જોઈએ.

**- ભરત એમ. જાદવ, સામાજિક કાર્યકર, સે-૧૩**

## ચિરવિદાય

- સ્વ. કનૈયાલલ ગોવિંદલાલ દરજી, ઉ.વ. ૬૮, સેકટર-૨૮
- સ્વ. મંગુબેન બાબુભાઈ પટેલ, ઉ.વ. ૬૮, સેકટર-૩-બી
- સ્વ. દયાબેન કનૈયાલાલ જોહરાની, ઉ.વ. ૮૫, નાના ચિલોડા, અમદાવાદ